# ગુજરાત યુનિવર્સિટી

નં. પરીક્ષા/૩-બ/એનરોલમેન્ટ/૨૬૭૧૩/૨૦૧૩
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯
તા. ૨૬-૦૭-૨૦૧૩

**પરિપત્ર ક્રમાંક : ૧૮૦**

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી.બી.એ. અને બી.સી.એ. કૉલેજોના આચાર્યોઓને જણાવવાનું કે, આ યુનિવર્સિટીના ઑર્ડિ. ૬૯ની જોગવાઈ મુજબ પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ કરવાનું થાય છે. આપની કૉલેજ/સંસ્થામાં પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનાં એનરોલમેન્ટ ફોર્મ ભરાવીને, જરૂરી બિડાણો લગાવી, નિયત પત્રક અને ફી વિદ્યાર્થીઓએ તા. ૧૦-૮-૨૦૧૩ સુધીમાં કૉલેજમાં જમા કરાવવાના રહેશે. **અને ત્યાર બાદ કૉલેજોએ આ કાર્યાલયમાં** તા. ૧૬-૮-૨૦૧૩ સુધીમાં જમા કરાવવા જણાવવામાં આવે છે. ત્યાર બાદ માનનીય કુલપતિશ્રીના આદેશ સિવાય કોઈ જ એનરોલમેન્ટ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેશો.

**એનરોલમેન્ટ ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટે મોકલતા અગાઉ નીચેની સૂચનાઓનું ચુસ્તરીતે પાલન કરવા વિનંતી છે**

૧. એનરોલમેન્ટ ફોર્મની કિંમત રૂ. ૨૫/- અને એનરોલમેન્ટ ફી રૂ. ૧૦૦/- રાખવામાં આવેલ છે. ચાલુ શૈક્ષણિક વર્ષે દરેક ફેકલ્ટીના અલગ-અલગ ફોર્મ નિયત કરવામાં આવેલ છે. તે મુજબ વિદ્યાર્થીઓ પાસે ભરાવવાનાં રહેશે.

૨. સદર એનરોલમેન્ટ ફોર્મ સ્કેન કરવાના હોવાથી વિદ્યાર્થીઓ પાસેથી એનરોલમેન્ટ ફોર્મ ખૂબજ સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરોમાં ભરવાના રહેશે. જેથી નામ કે અન્ય વિગતોનું ખોટું સ્કેનિંગ થાય નહીં.

૩. એનરોલમેન્ટ ફોર્મ સાથે એચ.એસ.સી.નાં ગુણપત્રકની નકલ આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત કરેલ હોય તે બીડવાની રહેશે.

૪. એનરોલમેન્ટની ક્ષતિઓ નિવારી શકાય તે હેતુસરથી ગુજરાત બોર્ડના એપ્રિલ-૨૦૧૩માં પાસ થયેલ વિદ્યાર્થીઓ, તે અગાઉના વર્ષોમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ અને અન્ય બોર્ડના વિદ્યાર્થીઓની અલગ-અલગ યાદી બનાવવાની રહેશે. તે પ્રમાણે ૧૦૦ના બંડલમાં જમા કરાવવાના રહેશે.

૫. વિદ્યાર્થીનું એનરોલમેન્ટ ફોર્મ જમા કરાવતા અગાઉ પ્રવેશ યોગ્યતા અંગેની તમામ ચકાસણી આપનાં લેવલે કરી લેવાની રહેશે. તેમાં કોઈ ક્ષતિ જણાય તો તેની સ્પષ્ટતા મેળવી લેવાની રહેશે. એનરોલમેન્ટ ફોર્મ જમા કરાવ્યા બાદ પણ કોઈ ક્ષતિ જણાય તો લીધેલ પગલાંની જાણ તાત્કાલીક યુનિવર્સિટીને કરવાની રહેશે.

૬. એનરોલમેન્ટ ફોર્મના નીચેના ભાગમાં વિષયો અને કોડની માહિતી કૉલેજ દ્વારા ભરવાની રહેશે. વિદ્યાર્થીએ ભરેલ અન્ય માહિતીની ચકાસણી કૉલેજ કક્ષાએથી કાળજીપૂર્વક કરી લેવી. જેથી પાછળથી કોઈ સુધારાવધારા માટેની જરૂરિયાત ઊભી થાય નહીં.

૭. શરતી પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓનાં એનરોલમેન્ટ ફોર્મ અલગ બંચથી મોકલવાં તેમજ તે ફોર્મ ઉપર શરતી પ્રવેશ કે ડિપ્લોમા કેસ એમ લખવાનું રાખવું.

૮. ગુજરાત યુનિવર્સિટીના ઑર્ડિ. ૭૦ની જોગવાઈ મુજબ ગુજરાત બોર્ડ સિવાય અન્ય બોર્ડ/યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પ્રવેશ આપતા અગાઉ આ યુનિવર્સિટીનું **પ્રવેશ યોગ્યતાનું પ્રમાણપત્ર** મેળવવું ફરજિયાત છે. તેની નકલ એનરોલમેન્ટ ફોર્મની સાથે બીડવાની રહેશે.

૯. એનરોલમેન્ટ ફી ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ/પે. ઑર્ડર "કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦૦૦૯"ના નામનો કઢાવીને મોકલી આપવાના રહેશે. ડિમાન્ડ ડ્રાફ્ટ/પે. ઑર્ડર બૅંક કમિશન બાદ કરીને કઢાવવાનો રહેશે.

[P.T.O.

૧૦. <u>એનરોલમેન્ટ ફોર્મ ભરવા અંગેની ખાસ સૂચના</u> :

(ક) વિદ્યાર્થીનો ફોટોગ્રાફ ચોંટાડવા માટે ફેવિસ્ટિક કે ગુંદરનો જ ઉપયોગ કરવો. ટાંકણી કે સ્ટેપલર પીનનો ઉપયોગ કરવો નહીં.

(ખ) ગુજરાત બોર્ડના એપ્રિલ-૨૦૧૩માં પાસ થયેલ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ફોર્મ પરની નિયત જગ્યાએ ક્રમ નંબર ૦૦૧થી, તે અગાઉના વર્ષોમાં પાસ થયેલા વિદ્યાર્થીઓના ક્રમ નંબર ૧૦૦૧થી અને અન્ય બોર્ડના વિદ્યાર્થીઓના ક્રમ નંબર ૨૦૦૧થી શરૂ કરીને લખવો. **અન્ય યુનિવર્સિટીમાંથી સેમેસ્ટર-૩ કે ૫માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનાં ક્રમ ૩૦૦૧થી શરૂ** કરીને લખવા **Missing** કે **Duplicate** ન થાય તેની ખાસ કાળજી રાખવી. ફોર્મ પર પંચિંગ કે કાણું પાડવું નહિ, (પ્લાસ્ટિક કવરમાં આપવા) બે જાડા પૂંઠા વચ્ચે બાંધીને મોકલવા જેથી ફોર્મ ફાટી કે ચોળાઈ ન જાય.

(ગ) એનરોલમેન્ટ ફોર્મ પર દર્શાવેલ નંબરના ક્રમમાં જ વિદ્યાર્થીની માર્કશીટ ગોઠવવી. અને તેના પર એનરોલમેન્ટ ફોર્મ પરનો ક્રમ નંબર લખવો. જેથી એનરોલમેન્ટની ક્ષતિ સુધારવામાં સરળતા રહે.

૧૧. એનરોલમેન્ટ ફોર્મ ભરવા માટે વિદ્યાર્થીઓએ Black & Blue પેનનો જ ઉપયોગ કરવો. શાહી કે પેન્સિલનો ઉપયોગ કરવો નહીં.

૧૨. વિદ્યાર્થીઓને એનરોલમેન્ટ ફોર્મના દરેક ખાનામાં **CAPITAL LETTER** થી જ લખવા ખાસ સૂચના આપવી.

૧૩. રાજ્ય સરકાર દ્વારા જુલાઈ-૨૦૧૩માં લેવાનાર પૂરક પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ હોય તેઓના એનરોલમેન્ટ ફોર્મ ભરાવીને જમા કરવાની કામગીરી પરિણામ જાહેર થયાને દિન-૧૫માં પૂર્ણ કરી લેવાની રહેશે.

૧૪. વિદ્યાર્થીઓ પાસેથી ભરાવેલા એનરોલમેન્ટ ફોર્મ એ નીચેના નમૂનામાં પત્રકની બે નકલ સાથે આ કાર્યાલયમાં મોકલવાના રહેશે.

**બી.બી.એ./બી.સી.એ. :**

કૉલેજનું નામ :.......................................................................................................................

| ક્રમ | રોલ નંબર | વિદ્યાર્થીનું પૂરું નામ | Core-1 | Core-2 | Core-3 | Elective Course |
|---|---|---|---|---|---|---|

૧૫. આપની કૉલેજના વિદ્યાર્થીઓને આપવામાં આવેલ કોર્સ (વિષયો)ના ગ્રુપની યાદી અવશ્ય મોકલવાની રહેશે.

આ સાથે એડમિશન કમિટી દ્વારા અને મેનેજમેન્ટ ક્વોટા આપવામાં આવેલ પ્રવેશની યાદી કમિટી દ્વારા પ્રમાણિત કરી સાથે રજૂ કરવાની રહેશે.

Sd/-

રાજેશ પટેલ
કા. કુલસચિવ

પ્રતિ :

૧. યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, કૉમર્સ અને વિજ્ઞાનની તમામ કૉલેજોના આચાર્યો / અધ્યક્ષશ્રીઓ.
૨. પૂછપરછ વિભાગ (ત્રણ નકલ)
૩. ચીફ એકાઉન્ટ્સ ઑફિસર, હિસાબ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી.